# નમસ્કાર ગાંધીનગર

## પમરાટ

મહેકતી'તી જ્યાં પ્રત્યેક ક્ષણ, મને બહુ યાદ આવે છે,
વતનની ધૂળનું સગપણ, મને બહુ યાદ આવે છે.

હતું ક્યારેક જે કામણ, મને બહુ યાદ આવે છે,
ગલીના નાકે રહેતું જણ, મને બહુ યાદ આવે છે.

કકડતી ટાઢ, ધખતો તાપ 'ને વરસાદ ઝીલ્યો સાથ,
હજી એ ભાઈબંધ બે ત્રણ, મને બહુ યાદ આવે છે.

સમજદારીનું રણ તો જોજનો છેટું હતું ત્યાંથી,
નિખાલસ મારું એ બચપણ, મને બહુ યાદ આવે છે.

હતાં ત્યાં ખોરડાં કાચાં ,પરંતુ મન હતાં પાકાં,
ભલાં માનવનો મહેરામણ ,મને બહુ યાદ આવે છે.

- જિતેન્દ્ર પ્રજાપતિ

## પાથેય

- રમેશ ઠક્કર

# યાદોની વણઝાર...

યાદોનો કારોબાર અજાયબ છે. જાણેઅજાણે ભૂતકાળને વાગોળતો રહે છે. એવી જીવેલી પડવાની યાદો એના મનમાં પડેલી હોય છે.ક્યારેક ક્યાંક નાની સરખી યાદ સળવળી જાય અને સાથે જ એક આખું જગત જીવંત થઈ જતું હોય એવું એ અનુભવ તો રહે છે.પોતાનું બાળપણ જયાં વીત્યું હોય એ ઘર કે વતનને એ ક્યારેય ભૂલી શકતો નથી.એ મીઠી યાદો સતત વાગોળવાનું એને ગમે છે.વતનઝૂરાપો હે બાકીના જીવન માટેનો તારા આપો બની જાય છે.જીવવા રહેવાની સાથે અનેક નવા સંબંધો રચાતા જાય છ. નવાં નવાં સગપણ બંધાતાં જાય છે.નવા રિલેશન્સ આકાર પામતા રહે છે. પરંતુ વતનની ધૂળ સાથેનો જે નાતો હોય છે એ અતૂટ હોય છે.. પોતાના બાળપણ સાથેનો જે નાતો માણસ અનુભવે છે એ જીવનના અન્ય કોઈ તબક્કે અનુભવી શકાતો નથી.

યાદો કિસમ કિસમની હોય છે.જૂના પટારામાંથી અવનવી ચીજ વસ્તુઓ નીકળતી જાય અને રોમાંચ અનુભવાય એવું જ વિતેલી યાદો જ્યારે જીવંત બને છે ત્યારે અનુભવાય છે. નજર સામે એક સૃષ્ટિ ઊભી થઈ જાય છે. મનગમતી વ્યક્તિનું ઘર કે કોઈ ઝરૂખો ને? એની યાદો અકબંધ બનીને માણસના અતળ મનમાં સળવળતી રહે છે.ગલી કે શેરી તો યાદ રહે જ છે પરંતુ એ શેરીના નાકા ઉપર મળેલું કોઈ ગમતું જણ હંમેશા યાદ રહી જાય છે.વિશેષ કોઈ યાદ બની જાય છે.

કવિ કે સર્જક આવી યાદોને પોતાની અભિવ્યક્તિ દ્વારા સતત લીલીછમ રાખે છે. એ યાદ કરે છે એમાં પણ એક અલગ અંદાજ હોય છે. બાળપણના એ સમયે સમજદારીની એટલી બધી સભાનતા નથી હોતી. બાળપણની એ જ મજા એ છે કે એમાં નિખાલસતા ભરપૂર હોય છે.નિર્દોષપણું એનો ધબકાર બની રહે છે. સામાન્ય રીતે સમજદારીને લોકો ભલે આવડત ગણતા હોય પરંતુ બાળપણ એ તો હંમેશા ભોળપણનો પર્યાય બનીને અંતરમાં ધબકતું રહે છે.

યાદો ફકત સુખની હોય કે સફળતાની હોય એટલે જ એ યાદગાર બની જાય એવું નથી હોતું ઘણીવાર તો અભાવોથી ભરેલી સ્મૃતિઓ જ શાનદાર બની જાય છે.સખત તાપ હોય કે ધોધમાર વરસાદ હોય આ બધા જ સમયે મનગમતા મિત્રો સાથે માણેલી પળો સંભારણું બની જાય છે.સાચુકલા બે ચાર દોસ્તારોની સાથે ગાળેલો સમય કદી ભૂલી શકાતો નથી.

ઊંચી હવેલીઓ,આલિશાન સડકો કે નગરવૈભવ થકી જ માણસ આનંદ પામે એવું હંમેશા બનતું નથી.ગામડાઓમાં કાચાં ઘર હતાં.ધૂળિયા રસ્તા હતા. મેલાંઘેલાં વૃક્ષો અને સુનકાર ભરી સીમ હતી, છતાં માણસ આંતરમનને એ બધું તરબતર કરી જતું. સ્પર્શી જતું. રહીરહીને આ બધી યાદો આપણા મનને એટલા માટે બહેલાવતી હોય છે કે એમાં જે સ્વજનો આપણી સાથે રહેતાં હતાં એ સાવ નિર્દોષ અને નિખાલસ હતાં.ભલે એ મેલાંઘેલાં કપડાં કે ચળકાટ વગરનું જીવન ગુજારતાં હશે પરંતુ એમના અંતરની અમીરાત જીવનનો કાયમી સંભાળવું બની જતી..

# સ્વામીની જેમ શિવાંગને પણ સ્કૂલે જવાનો કંટાળો આવતો



સ-રસ

મમતા બુચ

"રોજ-રોજ એકની એક જ વાત! કોઈક દિવસ માથું દુઃખે છે તો કોઈક દિવસ પેટ!" ચિડાયેલા સ્વરે મયંકભાઈ બોલ્યા. જો કે આ કંઈ નવું નહોતું. અઠવાડિયામાં ત્રણ વાર તો ઘરમાં આ ઘટના બનતી જ!

'માલગુડી ડેઝ'ના બાળક સ્વામીની જેમ શિવાંગને પણ સ્કૂલે જવાનો કંટાળો આવતો. જો કે 'માલગુડી ડેઝ'નો એ બાળક સ્વામી બધાં જ બાળકોનો પ્રતિનિધિ છે! સ્કૂલે જવું આજદિન સુધી કોને ગમ્યું છે? એ ધમપછાડા, બહાનાબાજી, કટાણું મોં- દરેક નાના બાળકવાળા ઘરમાં આ બધા સીન સામાન્ય છે! દરેક ઘરમાં કડક, શિસ્તપ્રિય બાપ અને વહાલસોયાનો પક્ષ લેતી મા પણ હોય જ છે!

"શિવુ, આજે તને શું થાય છે?" માલતીબેને પૂછ્યું. "એને કોઈ દિવસ કશું થતું જ નથી હોતું. આ બધાં બહાનાં છે." શિવાંગ કંઈ કહે એ પહેલાં મયંકભાઈ બોલી ઉઠ્યા. "પણ તમે એને તો જવાબ આપવા દો." માલતીબેન સ્હેજ ઊંચા સ્વરે બોલ્યાં. "એની પાસે જવાબ જ નથી. તું એનો પક્ષ લઇને એને છાવરીશ નહીં." મયંકભાઈનો ગુસ્સો દિશા બદલીને માલતીબેન તરફ ફંટાયો.

"મમ્મી, સાચું કહું છું. મને આજે બહુ થાક લાગે છે. મારી તબિયત નથી સારી." શિવાંગે રડમસ ચહેરે કહ્યું. માલતીબેને પતિ સામે જોયું. "તું જ ફટવે છે શિવાંગને. બેસાડી રાખ એને ઘરે." કહીને મયંકભાઈ ગુસ્સામાં ઓફિસે જવા નીકળી ગયા.

"જો શિવુ, બધાં ભણે છે. ભણવું જ પડે. એના વગર ઉદ્ધાર નથી." માલતીબેને દિકરાને પાસે બેસાડયો. "મમ્મી, મને ભણવાનો વાંધો જ નથી. પણ...." શિવાંગની વાત અડધેથી જ કાપી માલતીબેન ઊઠ્યાં, "સારું, ચાલ. કંઈક નાસ્તો કરી લે. કેટલો દૂબળો થઈ ગયો છે!"

ઓફિસમાં મયંકભાઈનું ચિત્ત કામમાં ચોંટતું નહોતું. એમના સહકર્મી અને મિત્ર અશ્વિનભાઈએ લંચ અવરમાં મિત્રને પૂછ્યું, "શું મયંક, આજકાલ ઓફિસમાં કામમાં તારું ધ્યાન હોતું નથી. બધું બરાબર તો છે ને?" મિત્રની આગળ મયંકભાઈએ દિલ ખોલ્યું, "યાર અશ્વિન, આ શિવાંગનો જીવ હમણાંથી ભણવામાં લાગતો નથી. રોજ નવાં બહાનાં....અત્યારથી આવું કરે છે તો આગળ જઈને શું અભ્યાસ કરશે?" અશ્વિનભાઈએ એક મિનિટ વિચાર કર્યો. પછી મિત્રના ખભે પ્રેમપૂર્વક હાથ મૂક્યો. "મારું માન તો એક વાર એની સ્કૂલે જઈ આવ. સાચું કારણ શું છે એ ખબર તો પડે." મયંકભાઈના મનને જરાક હાશ વળી.

બીજે દિવસે ઓફિસે જતાં પહેલાં એમણે શિવાંગની સ્કૂલનો રસ્તો પકડ્યો. શિવાંગનાં ક્લાસટીચર ખૂબ સારાં અને સહૃદયી હતાં. મયંકભાઈને એમણે શાંતિથી બેસાડયા. "તમે ન મળવા આવત તો હું જ તમને બોલાવવાની હતી. આમ તો છેલ્લા ચાર વર્ષથી હું શિવાંગને ભણાવું છું. છોકરો મહેનતુ અને ડાહ્યો છે. પણ હમણાંથી કોણ જાણે કેમ પણ અભ્યાસમાં એનું ચિત્ત બહુ ચોંટતું નથી. હોમવર્ક પણ રેગ્યુલરલી નથી કરી લાવતો. બે વર્ષ પછી બોર્ડની એક્ઝામ આવશે. બધાં બાળકો અત્યારથી જ તૈયારી શરૂ કરી દે છે. તમને તો ખબર જ છે ભણવાનું કેટલું અઘરું થઈ ગયું છે." મયંકભાઈના ચહેરા ઉપર ચિંતા તરી આવી. "હું પણ એ જ કહું છું, મેડમ. એની નાની બહેન કેટલા ખંતથી ભણે છે અને એ....."

"પાછી એક્સ્ટ્રા કરિક્યુલર એક્ટિવિટીઝ એને ગમે છે. નાટક અને નિબંધલેખનમાં એને બહુ મજા આવે છે." ક્લાસટીચરે સ્મિત કર્યું. "પણ ફક્ત એના પર જ જિંદગી નથી ચાલતી ને!" બાપના કપાળ ઉપર ચિંતાની કરચલીઓ ઉપસી આવી. ક્લાસટીચરે મયંકભાઈને સમજણ આપી, "એક વાર એના દ્રષ્ટિકોણથી એની તકલીફ સમજવાનો પ્રયાસ કરશું તો કદાચ ગાડી પાટે ચડી જશે." મયંકભાઈ માથું હલાવીને ત્યાંથી નીકળી ગયા.

પડેલા ચહેરે એ જ્યાં ઘરમાં પ્રવેશ કરવા જતા હતા ત્યાં જ એમને કાને માલતીબેનનો અવાજ પડ્યો, "તાવ તો આવે ને જાય, શિવુ. લેસન બાકી ન રાખતો નહીં તો પપ્પા લઢશે." અત્યાર સુધી મયંકભાઈના મનની અંદર ધૂંધવાઈ રહેલી અકળામણ, ગુસ્સો અને ચિંતા- બધું એકસામટું બહાર આવી ગયું, "ચાલ, આજ તો તને ડોક્ટર પાસે જ લઈ જઉં. તારી બધી તકલીફોનો ઈલાજ થઈ જશે." "ના, ના" કરતા શિવાંગને એ પરાણે ડોક્ટર પાસે લઈ ગયા. સાંજે આવીને એમણે કહ્યું, "કંઈ તકલીફ નથી એને. સ્કૂલે જવું નથી ગમતું એ જ તકલીફ છે."

ત્રીજા દિવસની સવારે ફરીથી શિવાંગે માલતીબેનને ધીમેકથી કહ્યું, "મમ્મી, આજે હું સ્કૂલે ના જઉં તો? મને......." માલતીબેને ઊંચા સ્વરે કહ્યું, "શિવાંગ, આ મહિનામાં તેં કેટલી રજાઓ પાડી?"

ત્યાં મયંકભાઈ બોલ્યા, "શિવાંગ, તને ખબર છે, તારી સ્કૂલમાં એક નાટક થઈ રહ્યું છે?" શિવાંગની આંખોમાં ચમક આવી. "હા પપ્પા, મારા ફ્રેંડ્ઝ એમાં ભાગ લઈ રહ્યા છે. પણ મને એમ કે તમને નહીં ગમે એટલે મેં એના વિષે વાત ન કરી." મયંકભાઈએ પ્રેમાળ સ્મિત કર્યું, "ના હોં, હું ઔરંગઝેબ નથી! તું તારે તને ગમે તે રોલ કર એમાં." તે દિવસે શિવાંગ ઊડતો-ઊડતો સ્કૂલે ગયો!

દસમે દિવસે શિવાંગે ઉત્સાહથી છલકાતાં-છલકાતાં મયંકભાઈના હાથમાં એક કાર્ડ મૂક્યું, "પપ્પા, આ અમારા નાટકનું ઇન્વિટેશન. તમે અને મમ્મી આવશો ને?" મયંકભાઈ બોલ્યા, "ચોક્કસ. તું નાટકમાં હોય અને અમે જોવા ન આવીએ એવું બને?" માલતીબેન બાપ-દિકરાનો સંવાદ સાંભળીને રાજી થયાં.

શહેરના ટાઉનહોલમાં સ્કૂલનો પ્રોગ્રામ થઈ રહ્યો હતો. મયંકભાઈ અને માલતીબેન સમયસર પહોંચી ગયાં. નાટક શરૂ થવાને થોડી વાર હતી. શિવાંગ દોડતો-દોડતો આવ્યો, "આવી ગયાં બંને? હું કેવો લાગું છું? અભિમન્યુ બન્યો છું." માલતીબેને પ્રેમથી દિકરાના માથે હાથ ફેરવ્યો, "અસલ રાજકુમાર જેવો લાગે છે, હોં! પણ બહુ દોડ-દોડ ન કર. કાલે પણ સાંજે થાકી ગયો હતો." "એ તો નાટક ભજવાઈ નહીં જાય ત્યાં સુધી એવું જ રહેવાનુ!" કહીને એ દોડી ગયો.

નાટક ચાલુ થયું. એક પછી એક પાત્રો સ્ટેજ ઉપર આવતાં ગયાં. જ્યારે અભિમન્યુને મોકલવાની વાત થઈ ત્યારે મયંકભાઈ અને માલતીબેન ટટ્ટાર થઈ ગયાં. અભિમન્યુની એન્ટ્રી થઈ. એ ખૂબ ઝઝૂમ્યો. એનું શૌર્ય જોઈને પ્રેક્ષકગણ વાહ-વાહ પોકારી ઉઠ્યો. સાત કોઠા એણે ભેદી નાખ્યા.

તે પછી આઠમો કોઠો ભેદવાનો આવ્યો ત્યારે એને શત્રુઓથી ઘેરાયેલો જોઈ મયંકભાઈ ઊભા થઈને બહાર નીકળી ગયા. માલતીબેન આશ્ચર્યમાં તો પડી ગયાં પણ એ પણ એમની પાછળ બહારના ભાગે પહોંચ્યાં. માંડ-માંડ આંસુ ખાળી રહેલા પતિને ખભે એમણે હાથ મૂક્યો, "શું તમે ય તે! આ તો નાટક છે. આટલા કડક મિજાજ માણસને આટલું ય ન સમજાય?"

મયંકભાઈએ અત્યાર સુધી સાચવી રાખેલો બંધ તૂટી ગયો. પત્ની સામે નજર મેળવવાનો પ્રયાસ કરતાં એ માંડ બોલ્યા, "માલતી, શિવાંગની હાલત સાચે જ અભિમન્યુ જેવી છે. તે દિવસે હું એને ડોક્ટર પાસે લઈ ગયો હતો ને.....એના રિપોર્ટ્સ બે દિવસે આવ્યા પછી ખબર પડી કે એને બ્લડ કેન્સર.....એ સાવ ખોટું નહોતો બોલતો, માલતી.....એને ખરેખર નબળાઈ......" હોલમાં સ્ટેજ ઉપર અભિમન્યુ માટે આઠમો કોઠો રચાઈ રહ્યો હતો.

- mtabuch150@gmail.com

# પામર મનુષ્ય, માયામાં બંધાય તોય લપ અને ના બંધાય તોય લપ!



નખરાળી જિંદગી

નિયતી કાપડીયા

એકવાર મેદાનમાં છોકરા ક્રિકેટ રમી રહ્યા હતા ત્યાં એમની દડી ઉછળીને આગળ આવેલા એક ગંદા નાળામાં પડી ગઈ. એ છોકરાઓ એમની દડી શોધતાં નાળા પાસે આવ્યા ત્યારે એમણે જોયું કે એ નાળામાં એક માણસ પડેલો હતો.

કાદવ કીચડ ભરેલા ગંદા પાણીમાં એ માણસ આરમથી સૂતો હતો. એનો ચહેરો પણ કાદવથી ખરડાઈ ગયેલો. છોકરાઓએ એને જગાડવાનો પ્રયાસ કર્યો ત્યારે એ થોડો સળવળ્યો. એ જીવિત હતો એની જાણ થતાં છોકરાઓને પાછું કૌતુક થયું કે આ આવી રીતે આ કાદવમાં કેમ પડ્યો છે? એમણે ફરી એ માણસને બોલાવ્યો અને બહાર આવવા કહ્યું ત્યારે એ માણસ કહે, મારે બહાર નથી આવવું, મને અહીંયા જ મજા આવે છે!

છોકરાઓ સમજી ગયા કે આ દારૂડિયો નશામાં ધૂત થઈ અહીં પડ્યો છે. છોકરાઓને હવે ગમ્મત થઈ. એ વારે વારે દારૂડિયાને ઉઠાડીને, "ઊભો થા અહીં કેમ પડ્યો છે?" એવું પૂછવા લાગ્યા. પેલો અકળાવવા લાગેલો અને ગુસ્સે થઈને કહી રહ્યો હતો કે, તમારે શું છે? મારું જીવન, મારી મરજી. મારે જ્યાં, જેમ પડી રહેવું હોય એમ હું પડી રહું તમે મને રોકનાર કોણ? છોકરાઓ કહ્યું કે તું આ ગંદકીમાં બિમાર પડી જઈશ. તને કોઈ જીવજંતુ કરડી જશે. એ દારૂડિયો કહે, હું તો રોજ અહીંયા આવીને સુઈ જાઉં છું તોય આજ સુધી બિમાર નથી પડ્યો અને પડું તોય તમારે શું? મને કોઈ જીવજંતુ કરડી જાય અને હું મરી જાઉં તો, તો સારામાં સારું ઘરડા થઈ પથારીમાં પડ્યા પડ્યા છોકરાઓની ગાળો ખાતાં મરવું એના કરતાં આ મોત શું ખોટું...

ઉપરની વાત એક દારૂડિયાને લક્ષ્યમાં રાખીને વિચારશો તો તમે તરત એ દારૂડિયાની મૂર્ખામી જોઈ શકશો. એ નશામાં છે અને પોતાનું સારું ખોટું વિચારી શકે એવી હાલતમાં જ નથી એવું આપણને સમજાય છે, બરાબર? હવે એક બીજું ઉદાહરણ જુઓ. એક વાર ઈન્દ્ર પર એમના ગુરુ અપ્રસન્ન થયેલા અને એમણે ઈન્દ્રને પૃથ્વી પર ભૂંડ રૂપે જનમ લેવાનો શ્રાપ આપેલો. ઈન્દ્ર પૃથ્વી પર આવી જતા ઈન્દ્રાસન ખાલી પડ્યું. સ્વર્ગ લોકમાં ઈન્દ્રની કમી સાલવા લાગી એટલે પછી બ્રહ્માજી એ તરફ ધ્યાન આપ્યું. એમણે જોયું કે ઈન્દ્ર તો પૃથ્વી પર એનો સંસાર ફેલાવીને બેઠો છે અને મજા કરી રહ્યો છે. એમણે પૃથ્વી પર આવીને ઈન્દ્રને કહ્યું કે તમારો ભૂંડ રૂપે પૃથ્વી પર રહેવાનો સમય પૂરો થયો હવે સ્વર્ગમાં પાછા ચાલો. ઈન્દ્ર કહે, હું સ્વર્ગમાં કેમ આવું? હું તો હજી જીવિત છું, તદન સ્વસ્થ અને નિરોગી છું, મારા મરવાને હજી વાર છે. બ્રહ્માજીને થયું કે આ એનો પૂર્વજન્મ ભૂલી ગયો છે એટલે આમ કહી રહ્યો છે. એમણે ફરી કહ્યું કે અરે તમે બધું ભૂલી ગયા લાગો છો હું તમને યાદ અપાવું. તમે સ્વર્ગલોકના સ્વામી ઈન્દ્ર છો. તમારા વગર ઈન્દ્રાસન ખાલી પડ્યું છે. તમે મારી સાથે ચાલો અને સ્વર્ગના રાજા બની રાજ કરો. ઈન્દ્ર કહે, હું રાજા ઈન્દ્ર છું એ મને યાદ છે પણ પૃથ્વી પર ભૂંડ રૂપે હું ઈન્દ્ર કરતા વધારે ખુશ છું. અહીં મારે કોઈ ચિંતા નથી. મારો બહોળો પરિવાર છે, મિત્રો છે મને એમની સાથે મજા આવી રહી છે.

બ્રહ્માજીને હવે ઈન્દ્રની નાદાની પર હસવું આવી રહ્યું હતું તોય એમણે કહ્યું કે અરે ઈન્દ્ર પણ ત્યાં સુંદર અપ્સરાઓ તમારી રાહ જોઈ રહી છે. એમનું નૃત્ય જોયે કેટલો બધો વખત થઈ ગયો. ઉત્તમ ફળો અને સોમરસ પણ તમારા માટે તૈયાર છે. આ ગંદકીમાં તમે ક્યાં સુધી પડ્યા રહેશો? ઈન્દ્ર કહે મારે એ રૂપાળી અપ્સરાનું કોઈ કામ નથી. અહીંયા મારી પાસે મારી પત્ની છે, પૂરતું ખાવાનું છે અને આ તમારી નજરે ગંદકી હશે મારા માટે તો આ જ સુખ છે. તમે ક્યારેય કાદવમાં આળોટવાની મજા લીધી છે? એક વાર એ મજા લઈ જુઓ પછી તમને સ્વર્ગ ફિક્કું લાગશે! બ્રહ્માજીને થયું કે હવે ઈન્દ્રને સમજાવવો એમના માટે શક્ય નથી. એમણે જઈને ભગવાન વિષ્ણુની મદદ માંગી. ભગવાન વિષ્ણુએ પણ ઈન્દ્રને સમજાવી જોયો અને તોય એ ભૂંડયોની છોડવા રાજી નહોતો. છેવટે પ્રભુએ એમને પાછા ઈન્દ્ર બનાવી દીધા અને જેવા એ પોતાના અસલ રૂપમાં પાછા આવ્યા કે તરત પોતાના ભૂંડ અવતાર પ્રત્યે અરુચિ પેદા થઈ ગઈ. પોતાના અજ્ઞાન પર એમને શરમ આવી અને એમણે ભગવાન વિષ્ણુ અને બ્રહ્માજીની ક્ષમા માંગી.

જ્યાં એકવાર માયાના બંધનમાં ફસાઈ ગયા બાદ ઈન્દ્ર જેવો ઈન્દ્ર પણ ભૂંડ રૂપને વળગી રહેવા ઈચ્છે ત્યાં આપણાં જેવા સામન્ય માણસોની તો વાત જ શી કરવી. ઈન્દ્રને ઈન્દ્રાસન કરતા કાદવ વધારે ગમે અને બ્રહ્માજી જેવા પરમપિતા પણ એને સમજાવી ના શકે એ પ્રસંગ જ કહી જાય છે કે માયાનું ચક્કર કેટલું પાવરફુલ છે.

એક માનવ રૂપે તમે પૃથ્વી પર અવતાર લીધો છે તો તમારા પરિવારનું પાલન પોષણ કરવું, એમની જવાબદારી ઉઠાવવી એ તમારું કર્તવ્ય છે અને એ તમારે કરવું જ જોઈએ. આટલું કરો ત્યાં સુધી ઠીક છે પણ પછી માયાના ચક્કરમાં વધારે ફસાઈ તમે નીતિ નેવે મૂકો, કોઈના નિસાસા તમને સંભળાય નહીં કે કોઈની લાગણી તમને સ્પર્શે નહીં, કોઈના વાળ્યા પાછા વળી જવાનું મન ના થાય અને દરેક વાતે તમે સામેવાળાને ચૂપ થઈ જવું પડે એવી દલીલ કરતા શીખી જાઓ ત્યારે તમે પતનના માર્ગે છો. ઉપર એક દારૂડિયા અને ઈન્દ્રનું ઉદાહરણ આપ્યું છે એમની દલીલો આગળ એમને સમજાવનારને ચૂપ થઈ જવું પડ્યું હતું અહીંયા તમને સમજાવનાર તમારા માબાપ, જીવનસાથી કે મિત્રોને ચૂપ થઈ જવું પડે છે.

આજે લોકોને આઝાદી જોઈએ છે. એમને એમનું જીવન જેવી રીતે જીવવું હોય એવી રીતે જીવવાની આઝાદી. આ છૂટછાટમાં પછી જુઠ્ઠું બોલવાનું આવી જાય, ઘરમાં ખબર ના પડે એમ બીજા વિજાતીય પાત્ર સાથેની વાતો, મુલાકાતો આવી જાય, દારૂ અને ડ્રગ લેવાય જાય, રૂપિયા કમાવા માટે ગમ્મે તે હદે જઈ શકાય, છેલ્લે કોઈ બીજા માનવની હત્યા પણ કરી નંખાય. આવામાં જો કોઈ સમજદાર માણસ એમને રોકે તો તરત જ એ એમને અપ્રિય થઈ જાય.

માન્યું કે તમારું જીવન છે તમે ઈચ્છે એમ કરો પણ આ બધું કર્યા બાદ તમારે આખરે જોઈએ છે શું? પ્રેમ કરી લીધા બાદ, વાસના સંતોષી લીધા બાદ, અમીર થઈ ગયા બાદ, સફળ થઈ ગયા બાદ... આગળ શું? જે સુખની તલાશમાં આ બધું ચાલું કરેલું એ તમને સાચે જ મળશે ખરું? અનીતીના માર્ગે ચાલતા શરૂઆતમાં જરૂર લાગશે કે હા આ જ મારું સ્વર્ગ છે અને હું ખૂબ ખુશ છું પણ એ સુખ કાયમ નહીં રહે. એક દિવસ તમે એનાથી પણ કંટાળી જશો અને પાછા નવીન રસ્તે ચાલી નીકળશો. એક ક્ષણે તમે સુધરી જાઓ કે વધારે અધમ બની જાઓ એ પણ શક્ય છે. આ તમામ સમયે તમે તમારા સુખ અને સુખના ભ્રમ વચ્ચે ફરક કરી શકશો ખરા?

ખેર, આ બધી ભાગદોડ તો જીવનના અંત સુધી ચાલું રહેવાની અને એ ભોગવે જ છૂટકો. એક માનવ રૂપે તમે તમારા સાચા સ્વર્ગ અને કીચડ વચ્ચે ફરક કરી શકો તો ઠીક નહિંતર હરિ હરિ...!

**અમસ્તું,**

હજી તમારા જીવનમાં કોઈ એવું માણસ હોય જે હકથી તમને કહી જતું હોય કે, "આ ગલત છે તું આવું ના કર", તો તમે નસીબદાર છો!

@Niyati Kapadia

# ઘણું આપવાની તાકાત કદાચ કર્મમાં છે પણ બધું જ આપવાની તાકાત તો ફક્ત ધર્મમાં જ છે



લાગણીનો મેળો

રસિક વાળંદ

**અહો કૃપાલ નેત્રભાલ , નિર્ગુણમ્ નિરંજનમ્**
**ત્રિલોક પાલ વ્યામાલ , કષ્ટકાલ ભંજનમ્**
**ત્રિશુલધારી ભૂતચારી અર્ધચંદ્ર શેખરમ્**
**વેદાંતશાસ્ત્ર શોધકમ્ નમામિ નાથ શંકરમ્**

● ● ●

આપણા હિન્દુ ધર્મમાં મહારાત્રિ (શિવરાત્રિ),મોહરાત્રિ (જન્માષ્ટમી) , કાલરાત્રિ (કાળીચૌદસ) અને નવરાત્રિ .... આ અતિ પવિત્ર મહિમાવંત વિશેષ દિવસો ગણાય છે. આપણાં પુરાણો અનુસાર દરેક દેવ દેવી માટે સમગ્ર વર્ષ દરમિયાન વિશેષ દીવસ - ખાસ પર્વ , વાર - તહેવાર , ઉત્સવનું આયોજન કરેલું છે.પરન્તુ જેના દિવસો જ નહીં પણ આખેઆખો મહિનો સમર્પિત હોય એવા એકમાત્ર દેવા ધિદેવ મહાદેવ જ છે. શિવરાત્રિ એટલે ભોળાનાથ સદાશિવને સમર્પિત દિવસ...! આમ તો પ્રત્યેક મહિનાની વદ પક્ષની તેરસ શિવરાત્રિ જ ગણાય છે પરન્તુ મહા મહિનામાં આવતી શિવરાત્રિ - મહારાત્રિનો મહિમા સવિશેષ છે. સતત શિવ સ્મરણ સાથેનું રાત્રિ જાગરણ કલ્યાણકારી હોવાનું મનાય છે. શિવજી તો " મૃત્યુંજય " કહેવાય છે....સાચો શિવ ભક્ત તો સાક્ષાત મૃત્યુ પર વિજય મેળવે છે.

દેવાધિદેવ મહાદેવનો મહાઉત્સવ 'શિવરાત્રિ' વિશે ધર્મ - અધ્યાત્મ અને શાસ્ત્રોમાં બહુવિધ વર્ણન કથાઓ દ્વારા મહિમાગાન કરવામાં આવ્યુ છે.શિવાલય અને શિવજી સાથે જોડાયેલાં તમામ પ્રતીકો શિવભક્તોને વિશેષ જીવન બોધ કરાવે છે...આમ જોઈએ તો ઉત્સવ એટલે 'ઉર્ધ્વ જન્મ કરાવે તે .' માનવ્યના ઉદાત્તિકરણ માટે વર્ષ ભર સમયાંતરે નાના મોટા અવનવા પર્વોની શૃખલા રચી છે.જેને પરિણામે ઘરેડબદ્ધ જીવાતા જીવનને નવી ઉર્જા ને નવો ઉલ્લાસ મળે.

દરેક ઉત્સવના બે પાસાં હોય છે એક બાહ્ય કર્મકાંડ ણે બીજું પર્વ પાછળ છુપાયેલ ભાવ - રહસ્ય. બાહ્ય ક્રિયાઓ ..કર્મકાંડ આનંદ - ઉલ્લાસભર્યો પ્રેયસ્કર હોય તો પર્વમાં છુપાયેલ ગોપિત ભાવ - રહસ્યનું તત્વ ચિંતન જીવન દર્શન સૌ માટે શ્રેયસ્કર હોય છે...જો યથાર્થ રીતે ઉત્સવ ઉજવવામાં આવે તો...!! પરન્તુ કરુણતા એ છે કે મોટે ભાગે સૌ ઉપરછલ્લા કર્મકાંડમાં જ રચ્યાપચ્યા રહીએ છીએ..બસ પરાપૂર્વથી ચાલી આવતી પરંપરાને પકડી રાખી ઉજવણી કર્યા નો સંતોષ માનીએ છીએ મારી દૃષ્ટિ એ આ તો પ્રાકૃતતા જ ગણાય. પર્વ નું મહાત્મ્ય સમજી યથાર્થ ઉજવણી થાય તો જ શ્રેષ્ઠત્વ ગણાય..!

શિવરાત્રિના મહાપર્વને આ દૃષ્ટિએ વિચારવું રહયું.. શિવરાત્રિના પર્વ સાથે સાચાંબોલાં હરણાં અને પારધીનાં હૃદયપરિવર્તન ની કથાથી સૌ વાકેફ છે જ.ચાર પગવાળા પ્રાણીઓની મહાનતા જોઈ બે પગ વાળા માનવનું હૃદય પરિવર્તન થઈ જાય.... શુભ ચિંતનથી સતત સભાનતા પૂર્વક અ વ્રતનું પાલન કરીએ તો એક રાતમાં શિવત્વ પામી શકાય.. આવો નિરાળો બોધ આ પર્વ આપી જાય છે.અંગ્રેજી માં ઈશ્વરને **GOD** કહેવાય છે. **G** એટલે **Generator** , **O - Operator** અને **D** અર્થાત. **Destroyer** આમ ઉત્પત્તિ , સ્થિતી અને લય..બ્રહ્મા , વિષ્ણુ અને મહેશ..આ ત્રિદેવને ત્રિદલ - બિલ્વપત્ર , ત્રિનેત્ર , ત્રિપુડ , ત્રિશુલ - જેવા ત્રિપરિણામ ત્રયીયુક્ત પ્રતીકોથી અભિવ્યક્ત કરાયાં છે.આવો ગૂઢાર્થ સમજવા - પામવા જ્ઞાનરાણા શિવજીના ઉપાસકે જ્ઞાન પીપાસુ બનવું પડે.

દોસ્તો , શિવાલયમાં પ્રવેશતાં જ નંદી અને કાચબાનાં દર્શન થાય ...એ મૂર્તિઓ આપણને રહસ્યમય , જ્ઞાનગમ્ય સાંકેતિક બોધ કરાવે છે કે જીવે હમેશાં શિવ તરફ મોં રાખી આગળ વધવું જોઈએ. સર્વનું શિવ - કલ્યાણ થાય તેવી ભલી વૃત્તિ કેળવીને જીવ શિવમય બને એ જ ભાવ રહસ્ય છુપાયેલું છે.આખરે તો " શિવો ભૂત્વા શિવં યજેત "- શિવ થઈને શિવની ઉપાસના કરીએ..આ ભાવ દૃષ્ટિ કેળવી એ ...!

બીજી એક વાત... સમગ્ર બ્રહ્માંડમાં ભગવાન શિવનો પરિવાર જ આદર્શ કુટુંબ છે.ઘરનાં બધાં જ સભ્યો પૂજનીય છે. શિવ - પાર્વતી , દિકરા ગણેશ - કાર્તિકેય , ગણેશજીની પત્ની રિધ્ધી - સિદ્ધિ, પુત્ર લાભ - શુભ...આ ઉપરાંત એમનાં વાહન... મોર, નંદી , સર્પ , ઉંદર , સિંહ , કાચબો...આ બધાં જ પૂજાને પાત્ર...!!

શિવજીનું અવતરણ વસંતમાં એ પણ એક સાંકેતિક...વસંત પ્રણયની ઋતુ...ભગવાન સદાશિવ એટલે અર્ધનારીશ્વર...પતિ - પત્નીના નિર્મળ ગાઢ પ્રેમના દ્યોતક. આપણે પણ પત્નીને અર્ધાંગિની કહીએ છીએ ને..! અરે , વિજ્ઞાન પણ સ્ત્રીના ૨૩ અને પુરુષ નાં ૨૩ એમ કુલ ૪૬ રંગસૂત્રો મળીને સંતાન ઉત્પત્તિની વાત જણાવે છે.આ જ સાબીત કરે છે કે સ્ત્રી પુરુષ સમાન છે.બન્ને એકબીજા વિના અધૂરા છે..પુરુષ અને પ્રકૃતિ - નર નારી - આ પ્રેમમૂર્તિનો અદ્વૈત રચાય તો સંસાર બાગ ખીલી ઉઠે...એટલે કવિ લખે છે કે ; 'દેવી પાર્વતી ને દેવ શિવ, બન્ને અર્ધનારીશ્વર થયા , પ્રેમની આ તે શી વ્યાકુળતા ?! '

જગતના હિત માટે હળાહળ ઝેર પી લેનાર...ભીતરની બધી ઈચ્છા, મહેચ્છા , અપેક્ષા, તૃષ્ણા, એષણા, આકાંક્ષા , મહત્વાકાંક્ષાઓનુ શમન કરનારા ...શબમય જીવનને શિવમય બનાવનાર... ભગવાન આશુતોષને મહાશિવરાત્રીના મહોત્સવ ટાણે ભાવ વંદના કરીએ...

' હે વિશ્વ મૂર્તિ વ્યાપક , તમને નમસ્કાર હો, હે ચિદાનંદમૂર્તિ તમને નમસ્કાર હો , હે તપ તથા યોગ વડે પ્રાપ્ત થનારા, તમને નમસ્કાર હો , હે વેદ ના જ્ઞાન વડે પ્રાપ્ત થનારા તમને નમસ્કાર હો , નમસ્કાર હો...!!

**નમસ્તે નમસ્તે વિભો વિશ્વ મૂર્તે,**
**નમસ્તે નમસ્તે ચિદાનંદમૂર્તે.**
**નમસ્તે. નમસ્તે તપો યોગગમ્ય,**
**નમસ્તે. નમસ્તે. શ્રુતિ જ્ઞાનગમ્ય .**

**સ્પર્શમણિ :**

**" યાદ રાખ..! "રાખ " થઈ જવાનું છે.**

**હવે ક્યાં સ્મિત રહ્યું છે પહેલાં જેવું , જેવી જરૂર એટલું જ મલકે છે લોકો....**

**ઘણું આપવાની તાકાત કદાચ કર્મમાં છે પણ બધું જ આપવાની તાકાત તો ફક્ત ધર્મમાં જ છે.**

rasikvaland1965@ gmail.com